કમોસમી વરસાદ અને વાવાઝોડાએ લગ્નઆયોજકો, ખેડૂતો, માછીમારો સહિત લોકોની ઠંડી ભગાવી

અંકલેશ્વરમાં ૨ ઈંચ, હાંસોટમાં દોઢ અને ભરૂચમાં એક ઈંચ વરસાદે લોકોને ભયભીત કરવા સાથે રેઈનકોટ પહેરવા મજબુર કર્યા

અમદાવાદ, ભરૂચ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ભર શિયાળે કારતક મહિનામાં તેજ પવનો સાથે મનમૂકીને ભરપૂર વરસેલા વરસાદે લગ્ન, શુભ પ્રસંગો, મેળાના અયોજનો સહિત ખેતીના પાક પર પાણી ફેરવી દીધું છે. ભરૂચ શહેર અને જિલ્લામાં શનિવારથી કમોસમી વરસાદી માહોલ વચ્ચે ઝાપટું વરસ્યું હતું. જે બાદ આજે રવિવારથી જાણે ચોમાસું બેઠો હોય તેવો માહોલ વહેલી સવારથી જ સર્જાયો હતો. વહેલી સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે ઝીરો વિઝીબિલિટી જોવા મળી હતી. જેને લઈ વાહન ચાલકો અટવાઈ જવા સાથે ટ્રેનોની ગતિ પણ ધીરી કરવાની ફરજ પડી હતી. લોકોએ દિવસે વાહનોની લાઈટો ચાલુ રાખી પસાર થવાનો વારો આવ્યો હતો. એક તરફ ધૂધળું વાતાવરણ આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળો વચ્ચે જોતજોતામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો.

વીજળીના કડાકા ભડાકા સાથે અંકલેશ્વરમાં દોઢ કલાકમાં જ ૨ ઈંચ વરસાદ તૂટી પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ભરૂચમાં પણ એક ઈંચ વરસાદથી શક્તિનાથ, કસક, સેવાશ્રમ રોડ, પાંચબત્તી સહિતના વિસ્તારોમાં માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. માત્ર દોઢથી બે કલાકમાં અંકલેશ્વર તાલુકામાં ૪૩ મિમી, હાંસોટમાં ૩૫ મિમી, ભરૂચમાં ૨૪ મિમી, વાગરામાં ૯ મિમી, વાલિયામાં ૫ મિમી, ઝઘડિયામાં ૪ મિમી અને આમોદ તેમજ જંબુસરમાં ૨ મિમી વરસાદ નોંધાયો હતો. માવઠા અને મીની વાવાઝોડાના કારણે સૌથી માઠી દશા લગ્ન આયોજકો, શુકલતીર્થના સ્ટોલ અને ટેન્ટ ધારકો, સાથે નદી, દરિયા કિનારે રહેતા કાચા મકાન ધરકોની થઈ હતી.

અલ્ટ્રાકેબ (ઈન્ડિયા) લિમિટેડને સ્ટર્લિંગ એન્ડ વિલ્સન પ્રાઈવેટ લિમિટેડ તરફથી રૂ. ૪૭.૭૮ કરોડનો ઓર્ડર મળ્યો

અમદાવાદ, વાયર અને કેબલ્સમાં અગ્રણી કંપની પૈકીની એક અલ્ટ્રાકેબ (ઈન્ડિયા) લિમિટેડને સ્ટર્લિંગ એન્ડ વિલ્સન પ્રાઈવેટ લિમિટેડ તરફથી લગભગ રૂ. ૪૭.૭૮ કરોડનો પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર દક્ષિણ બિહાર પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, નાલંદા અને ગયા જિલ્લા માટે આરડીએસએસની સરકારી યોજના હેઠળ પ્રોજેક્ટ માટે એલટી એબી કેબલના સપ્લાય માટેનો છે. એલટી એબી કેબલ્સના સપ્લાય માટેનો પ્રોજેક્ટ માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. સ્ટર્લિંગ અને વિલ્સન પાવર, સોલાર એનર્જી, ડેટા સેન્ટર, ડીજી સેટ, કોજેન પ્લાન્ટ બિલ્ડીંગ વગેરે માટે અગ્રણી એમઈપી અને ઈપીસી કોન્ટ્રાક્ટર કંપનીઓમાંની એક છે. તાજેતરમાં, કંપનીને એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ તરફથી ખૂબ જ મહત્વપૂર્ણ મંજૂરી મળી છે જે કંપનીને એલએન્ડટી, ભેલ, બીજીઆર એનર્જી, પેટ્રોફેક, એમસી ડર્મોટ, એબીબી, પુંજ લોયડ, અબાન ઓફશોર લિમિટેડ અને બીજી અન્ય વિવિધ તેલ અને ગેસ ઈપીસી કંપનીઓની વૈશ્વિક જરૂરિયાતો સાથે મોટા પાયે પેટ્રોલિયમ, તેલ, ગેસ અને રિફાઈનરી પ્રોજેક્ટ્સમાં ભાગ લેવા માટે પાત્ર બનાવે છે. આ ઉપરાંત કંપનીને હિંદુસ્તાન ઝિંક, હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, નેશનલ ફર્ટિલાઈઝર લિમિટેડ, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિક કંપની લિમિટેડ, સધર્ન પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપની ઓફ તેલંગાણા લિમિટેડ, જીએનએફસી સહિતની અગ્રણી સરકારી અને ખાનગી ક્ષેત્રની કોર્પોરેટ કંપનીઓ પાસેથી પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ઓર્ડર મળેલા છે. જાન્યુઆરી ૨૦૨૩માં, કંપનીને તાતા પાવર કંપની લિમિટેડ તરફથી આશરે રૂ. ૨૨.૮૮ કરોડનો ઓર્ડર મળ્યો હતો. (૧૮-૨)

ઈન્ડિયનઓઈલે ૩૫મા વર્લ્ડ એલપીજી એસોસિયેશન ફોરમ ખાતે વૈશ્વિક નેતૃત્વ દાખવ્યું

અમદાવાદ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના માર્કેટિંગ વિભાગના ડિરેક્ટર શ્રી. વી. સતિષ કુમારે રોમમાં એલપીજી સપ્તાહ દરમિયાન તાજેતરમાં સંપન્ન થયેલી ૩૫મી વર્લ્ડ એલપીજી એસોસિયેશન (ડબ્લ્યુ) ફોરમમાં એલપીજી ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ પ્રત્યે કોર્પોરેશનની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી હતી.આ કાર્યક્રમે જોડાણ, જ્ઞાનનાં આદાન-પ્રદાન અને એલપીજી ક્ષેત્રમાં નવીનત્તમ પ્રવાહો અને પડકારોની શોધ માટે મહત્વપૂર્ણ મંચ તરીકે કામ કર્યું હતું. 'જસ્ટ એનર્જી' થીમ પર આધારિત ૩૫માં વર્લ્ડ એલપીજી એસોસિએશન ફોરમમાં૧૨૫થી વધુ દેશોની ૩૦૦થી વધારે કંપનીઓ એકમંચ પર ઉપસ્થિત રહી હતી.૩૫માં વર્લ્ડ એલપીજી એસોસિએશન ફોરમમાં ઈન્ડિયન ઓઈલના નેતૃત્વની ભાગીદારી પર્યાવરણની જાળવણીના મહત્વને ધ્યાનમાં રાખીને નવીનતા, સાતત્યતા અનેસર્વસમાવેશક વૃદ્ધિ મારફતેએલપીજી ઉદ્યોગમાંસકારાત્મક પરિવર્તન લાવવાની કંપનીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્ય સતત બે ટર્મ સુધી વર્લ્ડ એલપીજી એસોસિએશન (ડબલ્યુએલ-પીજીએ)ના પ્રમુખના પ્રતિષ્ઠિત હોદ્દા પર રહ્યા હતા અને જે વૈશ્વિક એલપીજી ક્ષેત્ર પ્રત્યે કંપનીના સતત નેતૃત્વ અને સમર્પણને દર્શાવે છે. (૨૨-૧)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

સુરેન્દ્રનગર જિલ્લામાં બંધારણ દિવસની ઉજવણી કરાઈ

અમદાવાદ,

૨૬ નવેમ્બરનો દિવસ દેશભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે અંતર્ગત રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પણ આજ રોજ એસ.પી કચેરી ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી યોજાઈ હતી.

ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન ગુજરાત રાજ્ય અને જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી, સુરેન્દ્રનગર દ્વારા યોજાયેલી "બંધારણ દિવસ"ની આ ઉજવણી નિમિતે કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, ઈન્ચાર્જ પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી એ.આર દેસાઈ સહિતનાં મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં પરિસંવાદનું આયોજન થયું હતું.

કાર્યક્રમને સંબોધતા મહિલા અને બાળવિકાસ વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપરાએ જણાવ્યું હતું કે, ભારતનું બંધારણ વિશ્વનાં તમામ બંધારણોમાં સૌથી વિશિષ્ટ બંધારણ છે અને વિશ્વભરમાં આપણી ઓળખ બની છે. તેઓએ બંધારણમાં ઉલ્લેખ કરાયેલા મૂળભૂત હકો, ફરજો અને અધિકારો બંધારણની શૈલી, બંધારણની ભાષા સહિતની વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો હતો.

આ તકે કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રીએ બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરને પણ યાદ કર્યા હતા. બંધારણના સિધ્ધાંતો પ્રત્યે સજાગતા રાખી તેના અમલ માટે સહિયારા પ્રયત્નો કરવા જોઈએ તેમ જણાવતા તેમણે બંધારણના સિદ્ધાંતોને જાળવવા મૂળભૂત ફરજોને નિભાવીને નાગરિક તરીકેની આપણી ફરજ નિભાવી જોઈએ તેવી અપીલ પણ આ તબક્કે કરી હતી.

નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાએ આ તકે સંબોધન કરતા જણાવ્યું હતું કે,ભારત લોકશાહીમાં માનનારો દેશ છે. લોકશાહી માટે નાગરિકના હક, ફરજો વગેરે ખૂબ મહત્વ ધરાવે છે. અધિકાર અને ફરજ એક સિક્કાની બે બાજુઓ છે. વધુમાં તેઓએ ભારત દેશના નાગરિકે અધિકાર સાથે ફરજ નિભાવવાનો આગ્રહ રાખવો જોઈએ તેમ જણાવ્યું હતું.

ઈન્ચાર્જ પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી એ આર. દેસાઈએ બંધારણના મહત્વ વિશે તેમજ પોસ્કો કેસોમાં ઈન્વેસ્ટીગેશનમાં ફરજીયાત ધ્યાને લેવાની વિગત અને આ કેસોમાં પુરાવાઓ એકત્ર કરવાની રીતે વિશે ચર્ચા કરી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ અધિક્ષકશ્રી ડો.ગિરીશ પંડયાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે બંધારણ મૂળભૂત આધાર જણાવતા તેઓએ પણ બંધારણના મહત્વ વિશે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા.ઉપરાંત ઈન્વેસ્ટીગેશન માટે સામાન્ય અને મહત્વની બાબતો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઉપરાંત પરિસંવાદ કાર્યક્રમમાં એડિશનલ સીનીયર સિવિલ જજ શ્રી બી.આઈ. તારાણીએ ધરપકડ તથા આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરવા અંગેના પ્રોડકશન રીપોર્ટ તેમજ રીમાન્ડ અરજી અંગે ધ્યાનમા લેવાની વિગતો વિશે, એડિશનલ સીનીયર સિવિલ જજશ્રી આર.આર. ઝીબા દ્વારા પોલીસ તપાસ તેમજ તપાસ દરમિયાન ધ્યાને લેવાના મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ઈલેક્ટ્રોનીકસ એવીડન્સ આઈ.ઓ. કલેકટ કરવા માટેની પ્રક્રિયા વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી.

નોંધનીય છે કે, મહાનુભાવોના વરદ હસ્તે સંવિધાન પુસ્તક તેમજ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ દિપ પ્રાગટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. ત્યારબાદ બંધારણના આમુખનું સમૂહ વાંચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સ્વાગત વિધિ જિલ્લા સરકારી વકીલ શ્રી એમ.પી સંભાણી તથા આભાર વિધિ શ્રી આર.પી.રાવલ દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બંધારણ તેમજ વિવિધ કાયદાકીય બાબતો વિશે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.એન.મકવાણા, વકીલશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમદજગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રીનિશ્ચલાનંદ સરસ્વતીજીની રાષ્ટ્રોત્કર્ષ યાત્રાનું અમદાવાદમાં આયોજન

જય જગન્નાથ
ગોવર્ધનમઠ પુરીપીઠાધીશ્વર શ્રીમદજગદગુરૂ
શંકરાચાર્ય સ્વામી શ્રીનિશ્ચલાનંદ સરસ્વતીજી મહાભાગ
રાષ્ટ્રોત્કર્ષ યાત્રા
સંગોષ્ઠી

અમદાવાદ, હિન્દુધર્મના વિશ્વપ્રચારક એવા ગોવર્ધનમઠ પુરીપીઠાધિશ્વર શ્રીમદજગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રીનિશ્ચલાનંદ સરસ્વતીજી દ્વારા આજે પોતાના વિચારોને વાચા આપવા અમદાવાદ ખાતે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મસભાની શરૂઆત શંકરાચાર્યના શિષ્ય દ્વારા શ્વલોક સંબોધનથી કરવામાં આવી હતી ત્યારબાદ શંકરાચાર્ય સ્વામી શ્રીનિશ્ચલાનંદ સરસ્વતીજીના પ્રવર્ચન અંતર્ગત શ્રોતાઓએ પોતાના હિન્દુરાષ્ટ્ર બનાવવા અંગેના વિવિધ પ્રશ્નો કરી ભાવુક બન્યા હતા. મહાસભાનું આયોજન પંડિત દીનદયાળ ઓડીટોરીયમ, રાજપથ ક્લબ પાછળ આયોજીત કરવામાં આવ્યું હતું.

શ્રીમદજગદગુરૂ દ્વારા કાર્યક્રમની શરૂઆત શ્લોકના સ્મરણથી કરવામાં આવી હતી. શ્રીમદજગદગુરૂએ યુવાઓના હિન્દુરાષ્ટ્ર અંગેના દરેક સવાલોના પ્રત્યુત્તરમાં ઉંડાણપુર્વકની સમજણ આપી હતી અને તેમના દરેક વિચારોને હિન્દુરાષ્ટ્રના સમર્થન આપવા તથા તેના પ્રેરક બનાવવા માટે ખુબ જ અર્થમય ઉત્તરો દ્વારા જ્ઞાનમય બનાવ્યા હતાં. શ્રીમદજગદગુરૂ દ્વારા બે વર્ષ પહેલા ઉદ્ઘોષણા કરવામાં આવી હતી કે આવનારા ત્રણ વર્ષમાં ભારત હિન્દુરાષ્ટ્ર બનશે. સૌ પ્રથમ નેપાળ હિન્દુરાષ્ટ્ર બનશે ત્યારબાદ ભારત હિન્દુ રાષ્ટ્રમાં જોડાશે અને પછી બીજા ૧૫ દેશ હિન્દુ રાષ્ટ્ર તરીકે પોતાને ધોષીત કરશે.(૨૨-૨)

અદાણી હવે મુન્દ્રા પ્લાન્ટમાં ભવિષ્યમાં પ્રદુષણ નિયંત્રિત કરવા ગ્રીન એમોનિયા વાપરશે

અમદાવાદ, ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની પાવર જનરેટર અદાણી પાવર (Adani Power) લિ.એ તેના મુન્દ્રા પ્લાન્ટમાં બહુવિધ ડીકાર્બોનાઈઝેશન પહેલના ભાગરૂપે ગ્રીન એમોનિયા કોમ્બશન પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. ૨૦૩૦ પહેલા ઊર્જા સંક્રમણ અને ઉત્સર્જનમાં ઘટાડો કરવા યુએઈમાં ૩૦ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ગ્લોબલ લીડર્સની યુએન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ (COP 28) માં યોજાઈ રહી છે તે વેળા અદાણી પાવર દ્વારા તેનો પ્રારંભ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના ભાગરૂપે ભારતના સૌથી મોટા ખાનગી ક્ષેત્રના મુન્દ્રામાં કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટમાં ૩૩૦મેગા યુનિટના બોઈલરમાં ૨૦% સુધી ગ્રીન એમોનિયા કો-ફાયર (Adani Power to co-fire Green Ammonia) કરાશે.

ગ્રીન હાઈડ્રોજનમાંથી ગ્રીન એમોનિયા ઉત્પન્ન થાય છે.રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીને તે વિદ્યુત વિચ્છેદન દ્વારા ઉત્પન્ન થાય છે, તેમાં બોઈલરો માટે ફીડસ્ટોક હશે. એમોનિયામાં કાર્બન નહી હોવાથી, તેના દહનથી CO2નું ઉત્સર્જન થતું નથી. અદાણી પાવરે શરુઆતથી જ 'પ્રતિ-યુનિટ' ઉત્સર્જન માટે ઉદ્યોગમાં માપદંડ સુનિશ્ચિત કરી નવા પ્લાન્ટ્સમાં અત્યાધુનિક 'અલ્ટ્રા સુપરક્રિટિકલ ટેક્નોલોજી' અપનાવી છે. કંપનીના એકમો અને સ્ટેશનના પાયલોટ પ્રોજેક્ટના વિસ્તરણ માટે અદાણી પાવરે IHI અને કોવા-જાપાન સાથે ભાગીદારી કરી છે. કોવા ઉર્જા બચત અને ઉત્પાદન ક્ષેત્રમાં સક્રિય છે, જ્યારે IHI એ હેવી ઈન્ડસ્ટ્રી કંપની છે જે એમોનિયા ફાયરિંગ ટેક્નોલોજી ધરાવે છે. જાપાનમાં IHI ની દેખરેખમાં ૨૦% એમોનિયા મિશ્રણ સાથે કોમ્બેશન પરીક્ષણ કરાયા છે, જે મુન્દ્રા પાવર સ્ટેશનમાં અપનાવવામાં આવશે. આ અદ્યતન ગ્રીન પહેલ માટે મુંદ્રા પ્લાન્ટને જાપાનની બહાર પ્રથમ સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

ડિજિટલ યુગમાં જૂના કેમેરા અને કચકડાની પટ્ટીનો કીમિયાગર

આગામી ૨૧ જુલાઈએ જેનો લાંબા સમયથી ઈંતેજાર થઈ રહ્યો છે તેવી હોલીવુડની 'ઓપનહાઈમર' ફિલ્મ રિલીઝ થઈ રહી છે. કાગડોળે ફિલ્મની રાહ જોવાઈ રહી છે તેનું મુખ્ય કારણ એ છે કે ક્રીસ્ટોફર નોલન જેવા જીનીયસ આ ફિલ્મના નિર્દેશક છે. લેખનો વિષય ફિલ્મની વાર્તા નથી પણ ક્રીસ્ટોફર નોલનની ફિલ્મ મેકિંગ શૈલી પરનો છે.એટલુ જણાવી દઈએ કે પરમાણુ શસ્રો બનાવવામાં જે ભૌતિક વિજ્ઞાનીએ પ્રણેતા સમાન કાર્ય કર્યું છે તેવા ઓપનહાઈમર પરના પુસ્તકના આધારે આ ફિલ્મ બની છે.

તમને વિચાર આવ્યો હશે કે પરમાણુ શસ્રો, જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન ઝીંકાયેલા પરમાણુ બોમ્બ અને તે વિસ્ફોટ તેમજ તે પછીના કપરા કાળની માનવ ઈતિહાસની સૌથી કલંકિત ઘટનાને રજૂ કરવાનો આનાથી વધુ શ્રેષ્ઠ સમય કયો હોઈ શકે.કેમ કે હવે તો વી એફ એકસ, સ્પેશિયલ ઈફેક્ટસ અને કમ્પ્યુટર જનરેટેડ ઈમેજીસ (ઝ્રૈં)અને અદ્યતન ટેકનોલોજી ઉપલબ્ધ છે.

પણ, નોલનની આ કમાલની વાત જ કરવાની છે કે તેઓ તેમની ફિલ્મોમાં ઝ્રૈંનો ઉપયોગ નથી કરતા.શક્ય ત્યાં સુધી સેલ્યુલોઈડ એટલે કે ડિજિટલ અગાઉ જે રીતે કેમેરાથી ફિલ્મ નિર્માણ પામતી તેનો જ ઉપયોગ કરે છે. ફિલ્મના એડીટિંગમાં પણ કોઈ મિકસિંગ કે તૈયાર મળી રહેતા દ્રશ્યો કે ઈફેક્ટનો ઉમેરો નહીં. સેટ અને વાસ્તવિક દ્રશ્ય ખડું કરીને જૂના કેમેરા પદ્ધતિથી જ ફિલ્મ બનાવે અને બહુ તો આઈમેક્સનો સહારો લે.

તેમના માટે ફિલ્મમાં ટેકનોલોજીનો અતિરેક થાય તે સાથે જ તે સર્જનાત્મક દ્રષ્ટિ અને આર્ટની જગ્યાએ ધંધો થઈ બની જાય છે. તે વિશ્વને તમામ સ્તરે સાદગી,સહજતા અને જે છે તેવું રજૂ કરવા અપીલ કરે છે.શોખથી ફોટો ખેંચતા ફોટોગ્રાફરો કે વિડિયોગ્રાફરને રંગ, પ્રકાશ, ઝડપ અને બેકગ્રાઉન્ડ સાથે ચેડાં ન કરવાનો આગ્રહ કરે છે. મેમેન્ટો, ધ પ્રેસ્ટિજ, ધ ડાર્ક નાઈટ, ઈન્સેપ્શન, ધ ડાર્ક નાઈટ રાઈસિસ, ઈન્ટરસ્ટેલર અને ડક્રિર્ક જેવી હોલીવુડની એક પછી એક સીમાચિન્હ સમાન ફિલ્મો ભેટ આપનાર તેમજ ઓલટાઈમ ગ્રેટ નિર્દેશકોની સૂચિમાં સ્થાન પામેલા ક્રિસ્ટોફર નોલન સોશિયલ મિડિયા, ડીજીટલ ટેકનોલોજી અને તેનાથી વ્યાપી અને વિકસી રહેલા વિશ્વના વિરોધી છે. 'બેક ટુ ધ પાસ્ટ' જેવી સર્જન પ્રક્રિયાના હિમાયતી છે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે તેની જે પણ ફિલ્મો જોઈને આપણે આફ્રિન પોકારી ઉઠયા છીએ તે ડિજીટલ કેમેરાથી નહીં પણ ડિજીટલ યુગ પહેલા જે પરંપરાગત કચકડાની ફિલ્મના રીલ (સેલ્યુલોઈડ) અન તેવા વિશાળ કદના કેમેરા અને તેવા લેન્સથી બની છે. તેની ફિલ્મો ૬૫ એમ.એમ. પર જે રીતે આપણે ત્યાં 'શોલે' બની હતી તેવા જ કેમેરાથી નોલન આજે પણ શુટ કરે છે. અમેરિકા અને યુરોપમાં આજે પણ કેટલાક જૂના થિયેટરો એવા જળવાયા છે જેમાં પ્રોજેક્ટર રૂમમાં ફિલ્મોના રીલ થકી પડદા ઉપર પ્રોજેક્શન થઈ શકે. નોલન કહે છે કે તમે મારી જે મૂવી મલ્ટીપ્લેક્સમાં જોઈ છે તે તમામનું શુટિંગ ફિલ્મ (જૂના કેમેરાથી કચકડાના રીલ ઉપર) કેમેરાથી કર્યું છે તમે તેના અસલી સ્વરૂપે તો માણી જ નથી શક્યા. નોલનની ફિલ્મો (જૂની પદ્ધતિના કેમેરાની પટ્ટી સમજવું)ની રીલની ફાઈનલ પ્રિન્ટને ડિજીટલમાં રૂપાંતરિત કરીને આપણે તેની ફિલ્મો મલ્ટિપ્લેક્સમાં નિહાળી છે. જેમા ડાર્ક નાઈટથી માડી ડક્રિર્કનો સમાવેશ થાય છે. નોલન અમેરિકા અને યુરોપનાં મુખ્ય થિયેટરોમાં તો એવી શરત મૂકે છે કે તેની મૂવી રીલ પધ્ધતિથી શુટિંગ થઈ હોઈ જૂની પરંપરા પ્રમાણેનું પ્રોજેક્ટર જ ફરી ખડું કરવામા આવે. થિયેટરોને નોલનની મૂવી બોક્સ ઓફિસ પરની ટંકશાળ પૂરવાર થતી હોઈ આવી શરણાગતિ સ્વીકારવી પડે છે. થિયેટરોના માલિકો અને ફિલ્મના દર્શકો પણ કબૂલે છે કે ડિજીટલકેમેરાથી બનેલી મૂવી કરતા જૂની (ફિલ્મ) ટેકનોલોજી બનેલી મુવિનો અનુભવ અનેરો છે. ભારતમાં આપણે નોલનની આ ઓલ્ડ ઈઝ ગોલ્ડ પધ્ધતીથી બનેલી મૂવી હવે પ્રોજકટર નહીં હોઈ નથી માણી શક્યા. નોલન કહે છે કે ડિજીટલ દુનિયાએ સર્જન પ્રક્રિયાના આત્મા પર ફટકો માર્યો છે. સ્થૂળની પૂજા થાય છે અને સૂક્ષ્મનો ડિજીટલમાં પ્રવેશ જ નથી થતો. જેઓ સંવેદનશીલ છે તે જ આ બાબત સમજી શકે છે. નોલન સામાન્ય ઉદાહરણ આપતા કહે છે કે, તમે પરંપરાગત રોલ સાથેના કેમેરાથી જે ફોટા પાડતા હતા ત્યારે એક એક ફોટો પાડતા પહેલાં વિચારતા હતા. ૨૪ કે ૩૬ ફોટાનો રોલ હોઈ તમને જે શ્રેષ્ઠ પળ, શ્રેષ્ઠ એંગલ, શ્રેષ્ઠ પ્રકાશ લાગે તે જ ફોટો તે ખેંચતા હતા. બસ... આમાંથી જ ઉભી થાય છે સર્જન પ્રક્રિયા અને તે માટેનું ચિંતન- કેળવણી. અત્યારે તમે સેંકડો ફોટો પાડીને બે- ચાર સિલેક્ટ કરો છો.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank બ્રાન્ચ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	શાંતાબેન એ બોડાત/ ડિંપલ એ બોડાત/કેયુલ એ બોડાત/સુન્નીબેન કે બોડાત- LBABD00002858115	બ્લોક નં. ઈ, ૫મો માળ, ફ્લેટ નં. ૫૦૪ પરમેશ્વર ૫, સુર્યાણ હોપ ટૉઉન પાસે, ઝુંડાલ ત્રાગડ રોડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ- ૩૮૨૪૪૦/ ૨૬ નવેમ્બર, ૨૦૨૩	૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ રૂા. ૨૬,૦૧,૧૪૭.૦૦/-	અમદાવાદ.
૨.	નેભાણી ચાંદની/નેભાણી મનિષ- LBABD00005166613	ફ્લેટ નં.૪૦૨, ૪થો માળ, શિવસાગર ફ્લેટ્સ, એમ ડી સ્કુલ પાસે, સૈજપુર બોઘા, આરએસ નં. ૪૨+૪૩પૈકી, ટીપી સ્કીમ નં. ૪૭, અમદાવાદ- ગુજરાત અમદાવાદ-૩૮૨૩૩૦/૨૬ નવેમ્બર, ૨૦૨૩	૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ રૂા. ૧૩,૪૧,૬૬૦.૯૯/-	અમદાવાદ.

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧ ડિસેમ્બર,૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

ICICI Home Finance કોર્પોરેટ ઓફિસ: આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ) મુંબઈ -૪૦૦૦૫૯, ભારત

શાખા ઓફિસ: ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત -૩૯૫૦૦૨
શાખા ઓફિસ : શોરૂમ નં.૨, પહેલો માળ, ઓફિસ નં.બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ -૩૮૨૩૫૦

(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જૂઓ)
સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઇઝેશન રિકન્સ્ટ્રક્શન ફાયનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઈસીઆઈસીઆઈ બેંક(સુરક્ષિત લેણદાર) ના સત્તાવાર અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલકતોનો ભૌતિક કબ્જો લેવામાં આવેલ છે, આ ગિરો મિલકતોની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલકતો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ આધાર છે અને કોઈ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું / સહ દેવાદારોનું /જામીનદારોનું /કાયદાકિય વારસદારોનું નામ અને લોન ખાતા નંબર	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ-નિલામીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	બોઘરા અકાશ ગોરધનભાઈ (દેવાદાર) બોઘરા અસ્મિતાબેન અકાશભાઈ (સહ દેવાદાર) બોઘરા નિલેશકુમાર ગોરધનભાઈ (જામીનદાર) લોન ખાતા નં. LHSUR00001365568 & LHSUR00001365744	પ્લોટ નં.૮૪, એવર વીલા રો-હાઉસ, સાયન કથોર મેઈન રોડ, મોજે-સાયન ઓલપાડ ૧૧૭/૧, સુરત - ૩૯૪૧૩૦	રૂા. ૧૩,૨૫, ૨૫૪.૦૦/- નવેમ્બર ૨૩, ૨૦૨૩	રૂા.૮,૬૪, ૩૦૨/- રૂા. ૮૬,૪૪૦/-	ડિસેમ્બર ૧૧, ૨૦૨૩ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાક સુધી	ડિસેમ્બર ૧૯, ૨૦૨૩ બપોરના ૨-૦૦ ક્લાકેથી ૩-૦૦ ક્લાક સુધી
૨	ભોઈ રમેશભાઈ કાલિદાસ (દેવાદાર) ભોઈ જયાબેન રમેશભાઈ (સહ દેવાદાર) લોન ખાતા નં. LHMEH00001352510 & LHMEH00001355429	૨૮, મહાકાલી મંદિર, પોસ્ટ- હિંમતનગર, આર.એસ.નં.૫૦, હિંમતનગર-૩૮૩૦૦૧	રૂા.૧૩,૨૫, ૫૪૨.૦૦/- નવેમ્બર ૨૩, ૨૦૨૩	રૂા.૨૧,૪૭, ૧૭૫/- રૂા. ૨,૧૪, ૭૨૦/-	ડિસેમ્બર ૧૧, ૨૦૨૩ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાક સુધી	ડિસેમ્બર ૧૯, ૨૦૨૩ બપોરના ૨-૦૦ ક્લાકેથી ૩-૦૦ ક્લાક સુધી
3	સુથાર રાકેશકુમાર બી. (દેવાદાર) સુથાર છાયાબેન રાકેશકુમાર, ભગાભાઈ(સહ દેવાદાર) લોન ખાતા નં. LHAHW00001331276	ગ્રાઉન્ડ ફ્લોર, મહાલક્ષ્મી સોસાયટી, માણસા નગર સેવા સદન સામે, મણિનગર સોસાયટી પાસે, ગામ-માણસા, પિનકોડ -૩૮૨૮૪૫, ૮૯૯ ટેનામેન્ટ નં.૩૩ અમદાવાદ ગુજરાત - ૩૮૨૪૪૫	રૂા.૨૬,૧૬, ૦૨૦.૦૦/- નવેમ્બર ૨૩, ૨૦૨૩	રૂા.૨૦,૦૭, ૬૬૬/- રૂા. ૨,૦૦, ૭૭૦/-	ડિસેમ્બર ૧૧, ૨૦૨૩ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાક સુધી	ડિસેમ્બર ૧૯, ૨૦૨૩ બપોરના ૨-૦૦ ક્લાકેથી ૩-૦૦ ક્લાક સુધી

ઈ-નિલામી ગ્લોબટેક નામની ઓકશન એજન્સી દ્વારા તેમની વેબસાઈટ **(URL Link : https://BestAuctionDeal.com)** ઉપર યોજવામાં આવશે. ગીરવેદારોને સુચિત કરી સંપૂર્ણ બાકી લેણાં રકમ આગળના વ્યાજ સહિત તા. ડિસેમ્બર ૧૮, ૨૦૨૩ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં ચુકતે કરી જવા આખરી તક આપવામાં આવે છે. અન્યથા ગીરો મિલકતોને ઉપર મુજબ વેચાણ કરવામાં આવશે.

પ્રસ્તાવિત બિડરોએ બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ કે (કોલમ-ઈ જોશો)આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી)લખી, આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત -૩૯૫૦૦૨ ખાતે તા. ડિસેમ્બર ૧૮, ૨૦૨૩ના રોજ સાંજે ૪-૦૦ ક્લાક પહેલાં જમા કરાવવી ફરજીયાત છે. ખાસ ધ્યાન આપો કે જો કોઈ કારણોસર બિડરો ઉપર જણાવેલાં સમયગાળામાં તેમની ઓફર રજૂ કરી શકતા નથી તો ટેન્ડરના દસ્તાવેજોની સહીં કરેલી કોપીઓ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત -૩૯૫૦૦૨ ખાતે તા.ડિસેમ્બર ૧૮, ૨૦૨૩ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં જમા કરાવી શકે છે. ઈએમડીની રકમ નેશનલ બેંક કે શિડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ-ઓક્શનની તરફેણમાં લખેલ ડિમાન્ડ ડ્રાફ્ટ, પેએબલ એટ સુરત, હિંમતનગર, અમદાવાદનો બનાવી આપવાનો રહેશે. નિરિક્ષણ, નિલામીને લગતા નિયમો અને શરતો, ટેન્ડરની રજૂઆત ને લગતી વધુ જાણકારી માટે આપ સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. નો ૦૨૨-૬૯૯૭૪૩૦૦ ઉપર કરી શકો છો. અથવા અમારા સેલ્સ અને માર્કેટિંગ ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો સંપર્ક કરી શકો છો. સત્તાવાર અધિકારી કોઈ પણ જાતના કારણો કે ખુલાસા કર્યા વગર બધી અથવા કોઈ પણ બિડને નકારવાનો સંપૂર્ણ હક પોતાની પાસે રાખે છે.

વેચાણને લગતા વિગતવાર નિયમો અને શરતોની જાણકારી માટે આ વેબસાઈટની **https://www.icicihfc.com/** મુલાકાત લેશો.

તારીખ : ડિસેમ્બર ૦૧, ૨૦૨૩
સ્થળ : સુરત, હિંમતનગર, અમદાવાદ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ